
ડિસેમ્બર- ૨૦૨૧

અંક - ૪૨


સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


# અરુણોદય




## અનુક્રમણિકા


- રંગોળી
- મણિયારો ગઢ
- ખાલીપો
- જ્ઞાનનું સાચું પૂજન
- જીવનની સાચી મૂડી
- ચાલો જાણીએ 'મેટાવર્સ' વિશે
- અગ્નિદાહ નો અર્થ
- શાળાની પ્રવૃત્તિઓ


ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ''અરૂણોદય'' ડિસેમ્બર - ૨૦૨૧ , અંક-૪૨ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# રંગોળી



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.




ઈન્દ્રધનુષના રંગો જેવી
રંગરંગથી શોભી ઉઠતી
સ્વાગત કરતી દ્વારે જાણે
આંગણ શોભાવતી રંગોળી




પર્વહોય દિવાળીનો કે
પછી હોય શુભ અવસર
ભાત ભાતના રંગોથી
મનને ભરતી ખુશીઓથી

રંગોળીમાં હસતા દીવા
રંગોળીની બનતા શાન
ઝગમગ દીવાઓની જયોત
કરતા રંગોળી જીવંત




વીર સપૂતોના બલીદાને
ધરતી રંગી લાલ રંગથી
આઝાદીના અમૃત પર્વે
મે ધરતી રંગી રંગોળીથી





# મણિયારો ગઢ

## (કાળના ગર્તમાં ખોવાયેલ કિલ્લો !)



**હરિસિંહ સોઢા**
સેકસન ઓફિસર
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)

'કાખમાં છોકરું ને ગામમાં ઢંઢેરો' કહેવત તો તમે સાંભળી જ હશે.આપણે વારંવાર આ કહેવતને સાચી પુરવાર કરતા હોઈએ છીએ ! આમ તો બહુ રખડપટ્ટી કરું છું પણ મારા ગામથી માત્ર ૪૦ કિલોમીટર દુર આવેલો મણિયારો ગઢ હજુ જોવાનો બાકી હતો.આ દિવાળીના વેકેશનમાં ત્યાં જવાનું મનમાં નક્કી કરીને ગાંધીનગરથી નીકળ્યો હતો  એટલે વિક્રમ સંવત ૨૦૭૮ના વર્ષના નૂતન વર્ષાભિનંદન પાઠવીને લગભગ સવારે ૧૧ વાગ્યે મણિયારો ગઢ જોવા નીકળી પડ્યા,'મણિયારો તે હલું હલું થઈ વિયોને મુંજા ધલડા ઉદાસીમાં હોય રે..'લોકગીત ગણગણતાં...

કંઈ વણબોટ્યું ને વણખેડ્યું જોવાની ઈચ્છા હોય તો મણિયારો ગઢ તમારી રાહ જોઈને બેઠું છે.કચ્છ અને સિંધના લોકસાહિત્યના અમરપાત્રો 'ઓઢો જામ અને હોથલ પદમણી'ના નાયક ઓઢા જામ દ્વારા આ ગઢ બનાવવામાં આવ્યો છે.હોથલ પદમણી અને ઓઢા જામની એ શૌર્ય , સાહસ અને 'સાચને ન આવે આંચ' સાથે સંકળાયેલી રોમાંચક પ્રેમસફર અહીંના પાણે પાણે ઝલકે છે.

કચ્છ જિલ્લાના લખપત તાલુકાના મોટીબેર ગામથી ઉતરમાં ત્રણેક કિલોમીટર દુર આવેલો આ ગઢ જનસામાન્ય અને તંત્રની ઉપેક્ષિતતાથી, ગાંડા બાવળના થરો ઓઢીને ગુમનામીના ગમગીન ગીતો ગણગણતા કહી રહ્યું છે ' કાશ મારું નિર્માણ સાંસ્કૃતિક વારસાને ગૌરવથી જતન કરવા મથતી કોઈ પ્રજા વચ્ચે થયુ હોત ! " કંઈ નહીં તો આને રક્ષિત સ્મારક તો બનાવીએ.

લગભગ ૧૦૦૦ વર્ષથી અડીખમ કિલ્લો પશ્ચિમ કચ્છના કંડ-કકડારા પ્રદેશની તડકી-છાંયડીને પોતાની આંખોમાં આંજીને ઊભો છે.એક ક્ષણે સમૃદ્ધિના સ્મરણે હરખાય છે તો બીજી ક્ષણે પડતીના સ્મરણે એની આંખે આંસુના તોરણ બંધાય છે !

એના આઠેક કોઠા જર્જરિત અવસ્થામાં  છે.પૌરાણિક પાત્રોના શિલ્પો વેરણ છેરણ પડ્યા છે.કિલ્લાની દિવાલોમાં સ્થાનિક ચુનાના પથ્થરોનો ઉપયોગ એને કાળની થપાટો સામે મજબુતાઈ બક્ષે છે.વિવિધ પ્રકારના દરિયાઈ અશ્મિઓ તમને હાલતા-ચાલતા 'હાઉકડી' કરે છે.તો કેર,કંઢા,આવળ,બાવળ,ગાંગેટી....જેવા દેશીય વનસ્પતિના છોડ/વૃક્ષ તમારો થપ્પો કરે છે ! અશ્મિઓ અને વનસ્પતિના અભ્યાસુઓ માટે અહીં ઘણું બધું છે.હા, કચ્છના કુખ્યાત ઘાસ 'લંભ' થી ચેતવું ! એના ઝીણા કાંટા તમતમાટી અને ખંજવાળ ઊભી કરશે એ પ્રવાસની મજા કિરકિરી કરી દેશે.શક્ય હોય તો મજબૂત બુટ અને જાડા કાપડના જિન્સનો શણગાર સજીને જવું ! મેં તો જાણકારોની સલાહને અવગણીને,પાછા સાદા ચપલ પહેર્યા હતા.થોડું ચાલતા જ લંભના કાંટાએ પોત પ્રકાશ્યું.થોડીવાર તો એવુ લાગ્યું કે આમ તો મણિયારા ગઢ સુધી પહોંચવુ અઘરું પડશે.એકવાર પારનેરાનો ડુંગર ચડતી વખતે અજિજમિત્ર તુષારે સુચવેલું કે પગથિયા પર ત્રાંસા પગ મુકીને ચાલવાથી થાક ઓછો લાગશે એ યાદ આવ્યુ.અને એનો અમલ અહીં જુદી રીતે કરી કદમતાલની જેમ ઉપરથી પગ મુકીને લંભને દબાવતા ચાલવાથી સરળતા થઈ ગઈ.કંઈક અલગ વિચારવાથી રસ્તા મળી જતા હોય છે.

મોટીબેર ગામથી વાગોટ તરફ જતાં તરત જ એક પાપડી આવે અને પછી તરત જ ડાબા હાથે એક કાચો રસ્તો આવે.આ રસ્તે જેટલે સુધી વાહન પહોંચે ત્યાં સુધી પહોંચાડવાનું.પછી તમારા પગમાં કેટલી તાકત છે એની કસોટી થશે ! આગળ જતાં એક ટેકરા પર ગઢ દેખાશે.એ તરફ ગમે ત્યાંથી આરોહણ કરી શકાય.હા ગાંડાબાવળ અને લંભ ઘાસનો લાભ લેતા લેતા !

એવું કહેવાય છે કે કચ્છના પ્રખ્યાત કિલ્લા લખપતમાં મણિયારા  ગઢની  સમૃદ્ધિ છુપાયેલી છે.તેમછતાં ..મણિયારા ગઢને જોઇને આજે પણ કહેવાઇ જાય છે ' ખંડહર બતા રહા હૈ કી ઇમારત કીતની બુલંદ થી' !

આરામપ્રિય હો અને તકલીફ વેઠવાની ઇચ્છા ન હોય તો આ રસ્તો તમારા માટે નથી.પરસેવો,થાક,પળોજણ,તાપ...બધું તમારો પીછો નહીં મૂકે.પછી કહેતા નહીં કે કીધું નહીં.

હા, સાહસિક પ્રવાસીઓ માટે ભુગોળ અને ઇતિહાસ સાથે રુબરુ થવાનો મોકો છે.**no pain no gain** ના ન્યાયે.


ઢીંચણની ઢાંકણીઓ જવાબ આપી દે અને કમરના મણકા ઘસાઇ જાય તથા વિકાસનો એરુ આ અદભૂત કુદરતી રચનાઓને આભડી જાય એ પહેલાં , હે મારા યુવામિત્રો નીકળી પડો ખળાં ખેતરો અને કોતરોને ખુંદી વળવા.રણવગડા અને વનવગડા તમારી આતુરતાથી રાહ જોઇને બેઠા છે.

મણિયારા ગઢના ભવ્ય ભગ્નાવશેષો જોયાં પછી થાક ઉતારવા તેના એક કોઠાનાં શીતળ છાંયડામાં બેઠો છું.થોડે દુર દેખાતી સાંઘીપુરમની સિમેન્ટ ફેક્ટરીમાંની બે ચિમનીઓ ધુમાડાના ગોટેગોટા કાઢવામાં હરીફાઈએ ચડી છે ! એનાથી તદ્દન અજાણ સામે નદીની ચુનામય રમણિય કોતરો તેના પટમાં આળોટવા આહવાન આપી રહી છે.ગઢનો એક એક પાણો ઓઢા જામ અને હોથલ પદમણીની અમર ગાથા ગાતાં ગાતાં કહી રહ્યો છે -

" આવળ,બાવળ,બોરડી બ્યો કંઢા ને કખ

હલો હોથલ કચ્છડે જત માડુ સવા લખ ! "

(મતલબ કે...જનની જન્મભૂમિ સ્વર્ગાદાપી ગરીયસિ ! )



# ખાલીપો



કુવરબેન જે. દેસાઈ
પ્રાથમિક શિક્ષક(અંગ્રેજી મા.)



ખબર ન હતી જીંદગીમાં
ખાલીપો આવી જશે ,
અનેક ફુલો ને જોઈ ખીલનારો
માળી એકલો પડી જશે.

આ તે કેવા અપરાધ લાગ્યા
બાળ વગરના બાળમંદિરમાં
એકલા અટૂલા ઝુરવા લાગ્યા
અચાનક શાળા બંધ કરી
જાણે તે કપરી સજા કરી






સુના મેદાનો ખાલી વર્ગો
બ્લેક બોર્ડ  બ્લેક જ રહ્યા કરે
ઘંટે લેધા રિસામણા
મૌન રહી તાક્યા કરે





બહુ યાદ આવતી બાળકો તમારી
**Matter** વગરની મસ્તી ને
કારણ વગરના કજિયા
પ્રાર્થનામાં જોતા એક આંખે
મારા જેવા કોણ કોણ જાગે
**I - Card** ઝાડે લટકાવી ને
**P.T.** પિરિયડમાં કરતા ઉજાણી
ભણાવવાનું શરૂ થાય ને તમને
યાદ આવે પાણી



વારંવાર લંચ – બોકસ ખખડાવી
રિશેષ યાદ કરવી
મોટા ખુલ્લા મેદાનમાં પણ
ધકકા મુક્કી કરવી.




**'May I Come in'** કે
'સાહેબ આવું' ના ભણકારા
સતત વાગે
મન ચકડોળે ચડતું
મોબાઈલમાં તમને પામવા મથતો
**'Ok Sir'** એવો **Reply** આવે કે
જીવમાં જીવ આવી જતો.






હાશ ભગવાન તે શું
ઉપકાર કરી દીધો .
શાળાઓ ખોલાવી એક
શિક્ષકના ખોળીયામાં
જાણે આત્મા પુરી દીધો.
હે વિશ્વંભર હવે ખબર પડી
તું પણ અમારા વગર
કેવો ઝુરતો હશે !





# જ્ઞાનનું સાચું પૂજન



**પી.બી. પ્રજાપતી**
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

એવું કહેવાય છે કે વિશ્વમાં સૌથી વધુ **પાવરફુલ** જો કોઇ **શક્તિ** હોય તો તે **જ્ઞાનની શક્તિ** છે. જ્ઞાન થી સમૃધ્ધ વ્યક્તિ પાસે ભલે ને બીજી કોઇ ભૌતિક સંપતિ ન હોય છતાં તે પોતાના જ્ઞાનના બળે ધારે તો વિજયી બની શકે છે. વળી પોતાની પાસે રહેલું જ્ઞાન જો બીજાને વેંહચવામાં ન આવે તો તે જ્ઞાનની સાચી ઉપાસના પણ નથી. જ્ઞાન સભર વ્યક્તિ સમય , સંજોગો પારખી યોગ્ય નિર્ણય લઇ શકે છે.

જ્ઞાનનો યથોચિત ઉપયોગ થાય તે પણ એટલુંજ જરૂરી છે. **જ્ઞાનને પચાવવું અઘરું છે.** અતિજ્ઞાની વ્યક્તિ ધીર , ગંભીર રહી ક્યારેય પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરતો હોતો નથી. તે જ્ઞાનની સાચી આરાધના કરીને સરસ્વતીનું ખરા અર્થમાં પૂજન કરતો હોય છે.

**પંડિત ગંગાધર શાસ્ત્રી** વિશ્વ વિખ્યાત વિદ્વાન હતા. એકવાર તેમના પુત્રનું અકાળે અવસાન થયું. પરંતુ પુત્રની અંતિમ ક્રિયા પત્યા બાદ તરત જ સાંજે તેમણે વિધાર્થીઓને ભણાવવાનું શરૂ કર્યું. વિધાર્થીઓએ તેના સહાધ્યાયી એવા શાસ્ત્રીના પુત્રને બૂમ પાડી તો શાસ્ત્રીજી એ કહ્યું: **"તે આ પૃથ્વી લોકથી ઘણો દૂર ચાલ્યો ગયો છે , તે હવે ક્યારેય પાછો નહિ આવે"** .

સમૂહ માંથી એક વિધાર્થીએ પૂછયું – **આટલા દુ:ખ અને શોક ના સમયે તમેં રજા કેમ ન રાખી ?** શાસ્ત્રીજી બોલ્યા : જ્ઞાનની આરાધના અને વિકાસને રોકીને હું તમારું નુકસાન પહોંચાડવા માગતો નથી. **પુત્ર શોક એ મારી અંગત બાબત છે** , પરંતુ જ્ઞાન તો સમાજના હિત સાથે જોડાયેલું છે. "તમારો એક - એક દિવસ કિંમતી છે. જે વેડફવો એ મારા માટે દોષ છે.

વિધાર્થીઓ ગુરૂજીની કર્તનિષ્ઠા જોઇ નતમસ્તક થયા. ખરેખર પંડિત ગંગાધર શાસ્ત્રી જેવા વિશ્વ વિખ્યાત વિદ્વાનો જ્ઞાનનો સાચા અર્થમાં ઉપયોગ કરી કર્તવ્યચ્યુત થતા નથી. આવા લોકો પર **સમાજના અન્ય લોકોની પ્રશંસા – નિંદાની કોઇ અસર થતી નથી.** તેઓ કર્તવ્ય ચલિત થયા વગર જ્ઞાનની ગંગા લોકો સુધી પહોંચાડી પોતાના જીવનને સાર્થક કરે છે. **ધન્ય છે આવા જ્ઞાની જનો.**



# જીવનની સાચી મૂડી






વી.જી. રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક


એક ભાઈ પોતાના બિઝનેસમાં ખુબ જ વ્યસ્ત રહેતા હતા. સવારથી મોડી રાત સુધી બસ કામ, કામ ને કામ, એને પોતાના કામ સિવાય બીજી કોઈ બાબતમાં રસ નહોતો કે બીજા કોઈ માટે સમય પણ ન હતો. પરિવાર કે મિત્રો માટે પણ એને સમય નહોતો. એને તો બસ રૂપિયા કમાવાની લગન લાગી હતી. જેવી રીતે કૂતરું આખો દિવસ દોડાદોડી કરે બસ એવી જ રીતે પૈસા માટે સતત દોડાદોડી કર્યા કરે.

એક દિવસ એના દીકરાએ કહ્યું,"પપ્પા, તમે દિવસ-રાત ખાધા-પીધા વગર દોડયા રાખો છો. આ બધું શા માટે?"પિતા એટલો જ જવાબ આપ્યો,"બેટા, નામના માટે આ બધું કરું છું. તારા બાપના નામના સિક્કા પડવા જોઈએ બસ."છોકરાએ કહ્યું,"પપ્પા, તમે રૂપિયા કમાવ, કામ કરો એ બધું બરાબર છે પણ થોડું અમારા માટે અને થોડું તમારા માટે પણ જીવવાની ઈચ્છા નથી થતી?"એ ભાઈ ને વિગતવાર જવાબ આપવા જેટલો સમય પણ ક્યાં હતો? એ તો ઉપડી ગયા બહાર બસ એટલું કહીને,"બેટા એ તને નહીં સમજાય ."

એક દિવસ અચાનક એના કુટુંબમાં કોઈનું અવસાન થયું. આ ભાઈને ઓફિસમાં જવામાં મોડું થતું હતુ; પણ જેનું અવસાન થયું હતું તે સાવ નજીકના સગા હતા એટલે અંતિમ ક્રિયામાં હાજર પણ રહેવું પડે તેમ હતું. એણે ઘરેથી જ ફોન કરીને તપાસ શરૂ કરાવી. હોસ્પિટલમાં ફોન કર્યો,'અરે, તમે ડેડ બોડી લઈ ને ક્યારે આવો છો?"હોસ્પિટલમાંથી જવાબ મળ્યો,"હજુ તો પોસ્ટમોર્ટમ માટે લઈ જવાના છે પછી ઘેર આવીશું ."એટલે આ ભાઈએ સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર ને ફોન કર્યો ,"ડોક્ટર સાહેબ, મારા સગા વાલા હમણાં એક ડેડબોડી લઈને આવશે. આપ જરા ઝડપથી પોસ્ટમોર્ટમ ની કામગીરી આટોપજો ."

આ ભાઈ નો દીકરો આ બધુ સાંભળી રહ્યો હતો. એણે પોતાના પિતાને કહ્યું,"પપ્પા, જે અંકલ નું અવસાન થયું છે એને તમે નામથી કેમ નથી બોલાવતા? વારેવારે ડેડ બોડી ડેડ બોડી કેમ કહો છો?"પેલા ભાઈ એ" પોતાના દીકરાને કહ્યું, અક્કલના કોથમીર માણસ મરી જાય પછી એને નામથી નહીં.



... ડેડ બોડી કહીને જ બોલાવાય."

"પપ્પા, માફ કરજો પણ તમારા મૃત્યુ પછી તમે જે નામના મેળવવા માટે દિવસ, રાત દોડાદોડી કરો છો એ નામથી લોકો બોલાવશે કે ડેડ બોડી કહીને બોલાવશે!"

- નિષ્ઠાપૂર્વક અને સમર્પણ ભાવે કામ કરવું ખૂબ જરૂરી છે પણ પરિવાર અને મિત્રો પણ એટલા જ જરૂરી છે . ઘણીવાર એવું બને કે જીવનમાંથી અમુક વ્યક્તિ જતી રહે ત્યારે સમજાય છે કે આ વ્યક્તિઓનું સ્થાન ભેગા કરેલા કરોડો અબજો રૂપિયા પણ લઈ શકે નહીં. આપણી પોતાની વ્યક્તિઓને સમય આપીએ અને એની પાસે બેસીએ.



# ચાલો જાણીએ 'મેટાવર્સ' વિશે



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

આજનો યુગ એટલો ઝડપી છે કે સવારે થયેલી શોધ સાંજે જૂની બની જાય છે. વિશ્વ એક ગામડું બની ગયું છે. ડિજીટલ યુગમાં માણસ – માણસ વચ્ચેનું અંતર ઘટી ગયું છે. વિશ્વમાં કોઇપણ ખૂણે બેઠેલી વ્યક્તિ સાથે ડિજીટલ માધ્યમથી સંપર્ક ઝડપી બન્યો છે. તાજેતરમાં જ **સોશિયલ મીડિયા દિગ્ગજ કંપની ફેસબુકે પોતાનું નામ બદલીને મેટા કરી દીધું છે.** આ નામ **મેટાવર્સ માંથી** લેવામાં આવ્યું છે. જેમાં **મેટા** અને **યુનિવર્સ** નું સંયોજન કરવામાં આવ્યું છે. ટેકનોલોજીના બહુવિધ તત્વોનો ઉપયોગ આ મેટાવર્સમાં થનાર છે. **'હકીકતથી આગળની દુનિયા'** એટલે મેટા. એવી એક પૂરક દુનિયા કે જે વાસ્તવિક દુનિયા સાથે જોડાશે .

1992 માં અમેરિકન લેખક **નીલ સ્ટિફેન્સે** એક ઉપન્યાસ લખ્યો હતો. જેનું નામ હતું **સ્નો ક્રેશ.** આ ઉપન્યાસમાં પહેલી વખત મેટાવર્સનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. લેખકે ઈન્ટરનેટની એક એવી દુનિયાની કલ્પના કરી હતી જેમાં માણસ ઘરે બેઠો રહે પણ તેની થ્રી ડી ઈમેજ દુનિયાના કોઇપણ ખૂણે પહોંચી શકે. એટલે કે **એક અસલ દુનિયાની સાથે જ એક વર્ચ્યુઅલ દુનિયા પણ હશે.** જેવી રીતે ટેકનોલોજીની મદદથી **ક્રિપ્ટોકરન્સી** આજે હકીકત બની છે. તેવી રીતે મેટાવર્સ પણ એક હકીકત બની જાય તો કાંઇ નવાઇ નહિ.

હકીકતમાં મેટાવર્સ એક કોન્સેપ્ટ છે અને **મોઇક્રોસોફ્ટ સહિતની કંપનીઓ મેટાવર્સ ઉપર કામ કરી રહી છે.**

એવું કહેવાય છે કે મેટાવર્સમાં લોકો પોતાના અવતાર મારફતે સંગીત સમારોહ , નાટકમાં જઈ શકશે . ઓનલાઈન ફરી શકશે , કલાકૃતિ જોઇ શકશે , બનાવી શકશે અને ખરીદી કરી શકશે . **વર્કફ્રોમ હોમની દુનિયામાં આ ટેકનોલોજી એક મોટા બદલાવ તરીકે જોવામાં આવી રહી છે.**

હોલીવુડમાં વર્ષો પહેલા **'અવતાર'** નામની જે **ફિલ્મ** બનાવવામાં આવી હતી , તે મેટાવર્સની જ દુનિયા હતી. જેમાં માણસ ઘરે રહે પણ તેનો વર્ચ્યુઅલ અવતાર દુનિયામાં કોઇપણ જગ્યાએ હોઇ શકે.

આમ જોવા જઈએતો આ બધી ટેકનોલોજીની જ કમાલ છે. જો ટેકનોલોજીનો વિવેક પૂર્વક ઉપયોગ કરવામાં આવેતો તે જરૂર સારા પરિણામ મળે. પરંતુ સામે મોટું ભયસ્થાન પણ છે. અવિવેકી અને અયોગ્ય ઉપયોગ ઘાતક પુરવાર થઇ શકે. વિજ્ઞાન ની શોધો માનવ ના વિકાસ માટે વપરાય ત્યાં સુધી ઉચિત છે પણ જ્યારે પ્રકૃતિ સામે ચેડા કરીને જો વિજ્ઞાન નો ઉપયોગ થાય તો તે સંહારક બની શકે છે.

જો કે વર્તમાન સમયમાં મેટાવર્સ નું અવતરણ એ થોડું અટપટું અને સમય માંગી લેનારું લાગશે પણ ટેકનોલોજીની સાથે સાથે તે સામાન્ય બની જશે એવું લાગે છે. અધતન ટેકનોલોજી વૈશ્વિક પ્રગતિ સાધવામાં મદદરૂપ બને એવું સૌ ઈચ્છીએ.





# અગ્નિદાહ નો અર્થ



બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

બહુંજ જુજ માણસોને ખબર હશે કે સ્મશાનમાં મૃતદેહ ને અગ્નિદાન માટે "અગ્નિ" ઘરેથી શા માટે લઈ જવાય છે.

આપણાં પુર્વજ ઋષિ-મુનિઓએ સ્થાપેલી આ પરંપરાનો આજે પણ આપણે અમલ કરીએ છીએ. મુખ્ય વાત એમ છે કે જુનાં જમાનામાં જ્યારે અગ્નિની સાક્ષીએ વરઘોડીયાને "સપ્તપદી" બોલાવીને મંગળનાં ચાર ફેરા ફેરવે છે જેમાં.



•૧ પહેલો ફેરો "ધર્મ" નો

•૨ બીજો ફેરો "અર્થ" નો

•૩ ત્રીજો ફેરો "કામ" નો

•૪ ચોથો ફેરો "મોક્ષ" નો.


મોક્ષનાં ચોથા ફેરામાં "સ્ત્રી" પોતાનાં પતિને આગળ રાખીને પોતે પાછળ ચાલે છે. જે અગ્નિની સાક્ષીએ ફેરા ફરાય છે. તે અગ્નિ બુજાવા નહોતી દેવાતી.

જ્યારે જાન પરણીને વિદાય થાય, ત્યારે "વર" પક્ષવાળાને તે અગ્નિ માટીનાં દોણામાં ભરીને આપીએ છીએ. વખત જતાં પતરાનાં ચોરસ ફાનસ આવ્યા, અને અત્યારે કોરો ધાકોડ દીવડો આવ્યો જેને રમણ દીવો કહેવાય છે.

જ્યારે જાન પરણીને ઘરે પહોંચે, ત્યારે તે અગ્નિમાં હજી એકાદ બે દેતવા જીવીત રહેતા. તે દેતવા ઉપર છાણાનો ઓબાળ ભરી પાછો અગ્નિ પ્રગટાવાતો. તે અગ્નિમાં રસોઈ પકાવી ને ખવાતી પછી અગ્નિને ચુલામાં રાખથી ભંડારી દેતા. સવારે પાછો એ જ અગ્નિ જીવીત કરાતો આ ક્રમ જીવનપર્યંત ચાલતો.

જ્યારે માણસ મૃત્યુ પામે ત્યારે એ જ અગ્નિને પાછો દોણામાં ભરીને લઈ જવાય છે. અને તે જ અગ્નિથી દેહને અગ્નિદાહ આપાય છે.

મુત્યુ પછીનાં ચાર વિસામાઓ કહેવાય છે.



•૧ પહેલો વિસામો ઘર આંગણે

•૨ બીજો વિસામો ઝાંપા બહાર

•૩ ત્રીજો વિસામો ગામનાં ગોંદરે

•૪ ચોથો વિસામો સ્મશાનમાં.

•ધર્મ

•અર્થ

•કામ

જેવીરીતે મોક્ષનાં આ ચાર વિસામા છે. એજ રીતે મૃતદેહને ચાર પ્રદક્ષિણા છે.
પગેથી પાછા વળવાની. માટે જ કહેવાય છે કે જીવ શિવમાં ભળી ગયો તે શિવ-મય બની ગયો. શિવનાં ચરણ કદાપી ઓળંગી ન શકાય.
અગ્નિદાહ થી જળ, સ્થળ, અગ્નિ, આકાશ અને પવન આ પાંચ તત્વ પોત-પોતાનાંમાં ભળી જાય છે, તેને ભગવાનમાં વિલીન થયા કહેવાય છે. હવે તેનાં દર્શન કરવા હોય તો શિવાલયે જવાનું. દીવાનાં દર્શને એટલા માટે જ કરવામાં આવે છે.
આત્માં અમર છે "જીવ" મરતો નથી. જળ, સ્થળ, અગ્નિ, આકાશ, પવન પોત-પોતાનામાં ભળી જાય છે. જે જ્યાંથી આવ્યો હતો ત્યાં.
અર્થ:- માણસ મરતો જ નથી ફર્ક માત્ર એ છે કે તમે જે રૂપમાં જોયો હતો તે રૂપ માં હવે તે નથી.
ભગવાન એટલે શું ?

•ભ - ભૂમિ

•ગ - ગગન

•વા - વાયુ

•ન - નીર

મુખ્ય સાર:- પ્રકૃતિ એજ ભગવાન છે.


# શાળાની પ્રવૃત્તિઓ

**શાળાના શિક્ષિકા બહેન રેખાબેન ચાચુ તથા શાળાની વિદ્યાર્થીનીઓએ બનાવેલ રંગોળી**







## આઝાદીના અમૃત મહોત્સવ અંર્તગત એકતા દિવસની ઉજવણી





## આઝાદીના અમૃત મહોત્સવ અંર્તગત ધોરણ- ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ૧૦૦ મી. દોડ









## આઝાદીના અમૃત મહોત્સવ અંર્તગત શિક્ષકો માટે ની વિવિધ રમત ગમત સ્પર્ધા










## ધોરણ-૧ થી ૫ ના વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ ઉત્સવ











## વિપશ્યના કેન્દ્ર- બાડા દવારા વિદ્યાર્થીઓ માટે સેમીનાર






# શૈક્ષણિક પ્રવાસ

















# પ્રવાસ અંગે શિક્ષક , વિદ્યાર્થીઓના પ્રતિભાવ



વર્ગશિક્ષક - ધોરણ - ૮ શ્રી આર. એમ. દેસાઈ

"આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કરેલ પ્રવાસ નો અનુભવ"

તા. ૨૮/૧૦/૨૦૨૧ ના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શ્રી એસ. કે. વી. વિદ્યાલય ના આચાર્ય શ્રી એસ. કે. મહેતા સાહેબ ના માર્ગદર્શન હેઠળ એક સુંદર એક દિવસીય પ્રવાસ નુ આયોજન થયેલ, જેમાં ધોરણ-૬ થી ૮ ના ૮૦ વિદ્યાર્થીઓએ પ્રવાસ માં ભાગ લીધેલ. આ પ્રવાસ ને સફળ બનાવવા શાળાના પાંચ શિક્ષકો તેમજ બહેન શિક્ષિકા બહેનોએ ખૂબજ સારો સહકાર આપેલ. પ્રા. વિભાગના [illegible]

સવાર ના 7:30 કલાકે શાળા ના આચાર્ય શ્રી એસ. કે. મહેતા સાહેબ દ્વારા પ્રવાસને પ્રસ્થાન કરાવેલ. જેમાં એક બસ વિદ્યાર્થીઓ માટે અને બીજી બસ વિદ્યાર્થીનીઓ માટે હતી. અમારો પહેલો સ્ટોપ નલીયા મરીન પોલીસ ટ્રેનીંગ સેન્ટર હતો. ત્યાં ગાર્ડન માં વિદ્યાર્થીઓને બેસાડી દાબેલી અને ઢોકળા નો ભરપેટ નાસ્તો કરાવેલ. ત્યારબાદ ત્યાંના DSP શ્રી સોલંકી સાહેબ ના માર્ગદર્શન હેઠળ યુદ્ધ માટે આધુનિક શસ્ત્રો નુ પ્રદર્શન રાખેલ જેની માહિતી વિદ્યાર્થીઓને આપેલ. ત્યાંથી ગોધરા અંબેધામ જવા રવાના થયા. ત્યાં 12:30 કલાકે ભોજનાલય માં પ્રસાદી લીધી. પછી પ્રદર્શન જોવાની ટિકિટ લઈ વિદ્યાર્થીઓને ગુફા ની અંદર પ્રદર્શન બતાવેલ. રમતો રમાડી. પછી 4:30 કલાકે માંડવી શ્યામજી કૃષ્ણ વર્મા (મેમોરીયલ) જોવા રવાના થયા. ત્યાં વિદેશ માં રહી ને પોતાના દેશની આઝાદી અપાવવા માટેના પ્રયત્ન કરેલ એવા શ્યામજી કૃષ્ણ વર્મા નો જીવન પરિચય ફોટોગ્રાફી ફિલ્મ દ્વારા આપવામાં આવ્યો. આપણા રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભારત ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા. ૨૨/૦૮/૨૦૦૩ ના રોજ શ્યામજી કૃષ્ણ વર્મા અને તેમના ધર્મપત્ની ભાનુમતી ના અસ્થિ કળશ વિદેશ થી લાવી ગુજરાત માં શ્યામજી કૃષ્ણ વર્માની જન્મભૂમિ માંડવી માં લાવવામાં આવ્યા. અને એક ક્રાંતિતીર્થ નું સર્જન થયું જે દેશવાસીઓ માટે ગૌરવની વાત છે. વગેરે માહિતી ની જાણકારી વિદ્યાર્થીઓ એ મેળવી. છેલ્લે માંડવી ગાર્ડનમાં વિદ્યાર્થીઓને નાસ્તા પાણી કરાવી પાછા પરત ફર્યા.

પ્રવાસ ના ઉપરના બધાજ સ્થળોની મુલાકાત એ વિદ્યાર્થીઓ અને અમારા માટે એક યાદગાર સંભારણું છે.

પ્રવાસને સફળ બનાવવા માટે સહકાર આપેલ સર્વે સ્ટાફગણ, વિદ્યાર્થીમિત્રો, તથા આચાર્ય શ્રી નો ખૂબ ખૂબ આભાર...



ધો - ૮ નામ – [illegible]

## મેં માણેલો પ્રવાસ

અમને જ્યારે સમાચાર મળ્યા કે અમારો પ્રવાસ આયોજન થયો છે ત્યારે અમારી ખુશીનો પાર ન હતો. 28 ઓક્ટોબરના રોજ અમારો પ્રવાસ હતો. અમને તો બહુ જવાની હતી. એક બસ છોકરાઓની અને એક છોકરીઓની અને પ્રવાસ એક દિવસ પહેલાં અમે બધાં વિદ્યાર્થીઓને અમારી રાત ઊંઘ આવી ન હતી.

સૌપ્રથમ અમે બધા વિદ્યાર્થીઓએ સવારના સાતના સમયે નિશાળે આવવાનું હતું. અમે બધા 7:30 વાગ્યાની આસપાસ પહોંચી ગયા. ભગવાન ૭ વાગે અમે માતાજીની જય બોલાવી અમારો પ્રવાસ શરૂ કર્યો. સૌથી પહેલા અમે નલીયા ગયા. ત્યાં અમે સ્વાદિષ્ટ દાબેલી ભરપેટ ખાધી. નાસ્તો કર્યા બાદ અમે આપણી ભારતીય સેનાના નવા અને આધુનિક હથિયારોની સંપૂર્ણ માહિતી મેળવી. પછી અમે અંબેધામ જવા રવાના થયા. અંબેધામમાં દાખલ થતાં જ અમે માતાજીની પ્રસાદીનું ભરપૂર આનંદ લીધો. જમીને અમે વિશ્રામ પણ કર્યો. વિશ્રામ કર્યા બાદ અમે પ્રદર્શન જોવા ગયા. પ્રદર્શનનું આનંદ મેળવ્યા બાદ અમે ગુફામાં પણ ગયા. પછી અમે શ્યામજી કૃષ્ણ વર્માં ક્રાંતિતીર્થ માંડવી ગયા. શ્યામજી કૃષ્ણ વર્માએ તેમના સમગ્ર જીવનમાં વિદેશમાં રહીને પણ ભારતને આઝાદ કરવા ઘણા પ્રયત્નો કર્યાં. આઝાદીના ૬૬ વર્ષ પછી આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી કે ત્યારનાં ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી હતા તેમણે 22 ઑ 2003 ના રોજ શ્યામજી કૃષ્ણ વર્માં અને તેમનાં પત્ની ભાનુમતીના અસ્થિ સન્માન પૂર્વક એક ભવ્ય શોભાયાત્રા માં મુંબઈથી માંડવી લાવ્યા. તેની ભવ્યતા અમે ત્યાં લાગેલા ફોટા થી માણી. પછી અમે શ્યામજી કૃષ્ણ વર્માં મેમોરિયલ જોવા ગયા. તે જોઈને અમે સાંજે માંડવી માં દાબેલી નો નાસ્તો કર્યો. અમે અમારા આ સમગ્ર પ્રવાસ દરમિયાન અમારા સાહેબ શ્રી રાકેશ સર,

મહેશ સર, તથા આપણા આચાર્ય શ્રી મહેતા સર તથા સૌ અમારી સાથે મિત્રના ભાવ પૂર્ણ વર્તન કર્યું. અમને એક વાર પણ એવું ના લાગ્યું હોય કે અમારી સાથે શિક્ષક આવ્યા છે, અમને એવું લાગ્યુ કે અમારી સાથે અમારા મિત્ર આવ્યા છે. નાચતા ગાતા અને ધૂમ મચાવતા ક્યારે પાછા પહોંચી ગયા ખબર જ ના પડી.

ખરેખર અમને આ પ્રવાસમાં અનેરો આનંદ મળ્યો. અમે આ પ્રવાસ કદાપિ નહીં ભૂલી શકીએ.



ધો-8 દેસાઈ આયુષી . આર

## મેં માણેલો પ્રવાસ

તારીખ - 28/10/2021 ના અમારે પ્રવાસ જવાનું નક્કી થયેલ હતુ. જેની આગળના દિવસે અમને જયારે જાણવા મળ્યુ ત્યારે મે ખૂબ ઉત્સાહ અને ઉમંગ સાથે પ્રવાસ જવાની તૈયારી શરૂ કરી.

સવારે વહેલા ઉઠી તૈયાર થઈ હું શાળાએ પહોચી. ત્યા બે સ્કુલબસ હતી. એક છોકરાઓની અને બિજી છોકરીઓની આમ બે બસોમાં અમે પ્રવાસ ગયા. બસમા બેસીને મેં આશાપુરાની જય બોલાવવી 7:30 કલાકે અમે પ્રવાસ શરૂ કર્યો. અમારો પ્રવાસ માંડવી ગયા પહેલા અમે નલીયા ઉભા રહ્યા. ત્યા અમે દાબેલીનો નાસ્તો કર્યો. બધા સાહેબો અને બહેનોએ અમને દાબેલી પિરસી હતી. મરીન પોલીસ સ્ટેશનમાં અમને યુદ્ધમાં વપરાતા સાધનો ના ઉપયોગ વિશે જણાવ્યુ હતુ. ત્યાથી પછી અમે અંબેધામ ગયા હતા. ત્યા અમે પ્રસાદ લીધો. પછી ત્યા બધુ પ્રદર્શન જોયુ. અમને ગુફામા ગયા હોય તેવો અનુભવ અમને થયો. અમે મંદિરના દર્શન કર્યા અમને ત્યા ખૂબ જ મજા આવી. ગોધરા અંબેધામથી પછી અમે માંડવી શ્યામજી કૃષ્ણ વર્મા ક્રાંતીતિર્થ પહોચ્યા. ત્યા અમે તેમના જીવન વિશે જાણ્યુ. શ્યામજી કૃષ્ણ વર્મા અને તેમના પત્ની ભાનુમતીની અસ્થિઓના દર્શન કર્યા. આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શ્યામજી કૃષ્ણ વર્માની અસ્થિ લંડનથી માંડવીમા લાવ્યા હતા. તેઓએ લંડનમાં રહીને ઘણા ક્રાંતીકારી કાર્યો કર્યા હતા. ત્યા લંડનમાં તેમનુ જેવુ ઘર હતુ. તેવા જ ઘરનુ દ્રશ્ય અમે માંડવીમાં જોયુ હતુ. ત્યા અમને ખૂબ જ મજા આવી હતી. ત્યાથી અમે અમારા ઘરે જવા બસમાં પાછા આવ્યા ત્યાં અમે રસ્તામાં દાબેલી ખાધી હતી. અમે બધા 9:30 કલાકે પોતાના ઘરે પહોચ્યા હતા.

" મને મારો આ પ્રવાસ ખૂબ જ યાદગાર રહેશે "

મને પ્રવાસમા ખૂબ જ મજા આવી. અમે બધાએ ખૂબ જ આનંદ માણ્યો.



ધો-૮ પટેલ પ્રાચુ ર.

## મેં માણેલો પ્રવાસ

શાળામાંથી શિક્ષકોએ અમને જયારે જણાવ્યું કે શાળામાંથી એક પ્રવાસનું આયોજન કરેલ છે, આ સમાચાર સાંભળતા જ અમારી ખુશીનો પાર ન રહ્યો. અમે શાળામાંથી 28-10-2021ના રોજ પ્રવાસે ગયા હતા. જે દિવસે અમે પ્રવાસમાં જવાના હતા તે દિવસની આગલી રાત્રે મને ઉત્સાહમાં નીંદર આવી નહોતી. અમારે શાળાએ એ દિવસે 7:00 વાગ્યાની આસપાસ પહોંચવાનું હતું. પણ, અમે 6:45 એ શાળાએ પહોંચી ગયા હતા. શાળામાં આવ્યા બાદ શિક્ષકોએ અમારી હાજરી પૂરી હતી. અમારી શાળામાં બે બસો આવવાની હતી. એક બસ છોકરીઓ માટે હતી અને બીજી બસ છોકરાઓ માટે હતી.

અમે બધા જલદીથી બસમાં બેસી ગયા. પછી અમે આશાપુરા માની જય બોલાવી નલીયા જવા નીકળ્યા. નલીયામાં અમે દાબેલીનો નાસ્તો કર્યો. ત્યાં દાબેલીનો નાસ્તો કરવાની અમને ખૂબ જ મજા આવી. નાસ્તો કર્યા બાદ અમે આપણી ભારતીય સેનાના નવા અને આધુનિક હથિયારની સંપૂર્ણ માહિતી મેળવી. ત્યારબાદ અમે અંતાક્ષરી રમતાં - રમતાં અને મોજ- મસ્તી કરતાં - કરતાં ગોધરામાં આવેલા અંબેધામ પહોંચી ગયા. અંબેધામમાં દાખલ થઈ અમે મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી. ત્યારબાદ અમે માતાજીની પ્રસાદીનો ભરપૂર આનંદ મેળવ્યો. જમ્યા બાદ અમે વૃક્ષના છાંયડામાં થોડી વાર માટે વિશ્રામ કર્યો. એક હોલમાં વિવિધ પ્રદર્શનો હતા તે જોવા માટે અમે ગયા હતા. પ્રદર્શન જોવાની અમને ખૂબ જ મજા આવી હતી. ત્યારબાદ અમે [illegible] ગુફામાં ગયા હતા. તે ગુફામાં અમને ખૂબ જ મજા આવી હતી. ત્યારબાદ અમે અહીંયાથી માંડવી માટે રવાના થયા. માંડવીમાં દાખલ થયા બાદ અમે શ્યામજી કૃષ્ણવર્માની જીવનગાથાની માહિતી મેળવી. પછી અમે શ્યામજી કૃષ્ણવર્મા અને તેમના પત્ની ભાનુમતીની અસ્થીના દર્શન કર્યા. ત્યારબાદ અમે શ્યામજી કૃષ્ણવર્માનું મેમોરિયલ જોવા માટે ગયા હતા. અમે મેમોરિયલ જોતા જ હતા કે તેમાં વરસાદ આવીને જતો રહ્યો હતો. પછી તે ફરીથી ચાલુ કર્યું અને સંપૂર્ણ મેમોરિયલ જોઈ અમે લાઇબ્રેરી જોવા માટે ગયા હતા. લાઇબ્રેરી જોવાની પણ અમને ખૂબ જ મજા આવી હતી. ત્યારબાદ અમે અહીંયા ખૂબ જ ફોટા પાડ્યા તથા મોજ - મસ્તીનો પણ ખૂબ જ આનંદ લીધો હતો. ત્યારબાદ અમે બસમાં દાબેલીનો નાસ્તો કર્યો હતો અને ધૂમ મચાવતા, નાચતા, ગાતા ક્યારે પાછા પહોંચી ગયા તેની તો ખબર જ ના પડી.

ખરેખર, આ પ્રવાસમાં મને ખૂબ જ મજા આવી અને આ પ્રવાસ મને હંમેશા માટે યાદ રહેશે.